



વંદેમાતકમ્ પાર્કનું લોકાર્પણ - સેક્ટર-૨૯માં બી-કક્ષાના ૨૮૦ મકાનોનું લોકાર્પણ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના વરદ હસ્તે કરાયું હતું.... આ પ્રસંગે ધારાસભ્ય ડો. સી. જે. ચાવડા, મેયર પ્રવિણભાઈ પટેલ, ધારાસભ્ય અશોકભાઈ પટેલ અને ભાજપ શહેર પ્રમુખ મહેન્દ્ર દાસ ઉપસ્થિત રહ્યા હતા...

# સાંસદ આદર્શગ્રામ અંતર્ગત આજે સામેત્રીમાં ગોળમેજી બેઠક

### સાંસદ પરેશ રાવલ, જિલ્લાના અધિકારીઓ અને ગ્રામજનોની ગોળમેજી

ગાંધીનગર, તા. ૯

સાંસદ આદર્શ ગ્રામ યોજના અંગે આજે દહેગામ તાલુકાના સામેત્રી ગામે સાંસદ પરેશ રાવલની ઉપસ્થિતિમાં એક વિશેષ બેઠકનું આયોજન કરવામાં આવ્યુ છે.

સાંસદ પરેશ રાવલ દ્વારા જાખોરા-રાજપુરને આદર્શ ગ્રામ તરીકેની ઓળખ આપ્યા બાદ બીજા તબક્કામાં તેમણે સામેત્રી અને રામનગરને આદર્શ ગ્રામ યોજનામાં સમાવવા માટે ભલામણ કરી છે. તો ગાંધીનગરના સાંસદ એલ.કે. અડવાણીએ કલોલ તાલુકાના પાનસરને આદર્શ ગ્રામ તરીકે સમાવવા ભલામણ કરી છે.

આ અગાઉ અમદાવાદના સાંસદ કીરીટભાઈ સોલંકીએ પોરને સમાવવા માટે ભલામણ કરી હતી. આજની બેઠકમાં સામેત્રી અને રામનગર ગામના પ્રશ્નો અને તેમાં હાથ ધરવાના કામોની અગ્રતા નક્કી કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે આ અગાઉ પૂર્વ કલેક્ટર સતીષ પટેલની અધ્યક્ષતામાં આ માટેની બેઠક મળી હતી અને તેમાં ૧૦૦થી વધુ કામો ગ્રામજનો દ્વારા સૂચવવામાં આવ્યા હતા.

સવારે નવ વાગે સામેત્રી ખાતે મળનારી આ બેઠકમાં જિલ્લા કલેક્ટર લાંગા, જિલ્લા વિકાસ અધિકારી કોયા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક બ્રહ્મભટ્ટ, નાયબ જિલ્લિા વિકાસ અધિકારીઓ બી.કે. પટેલ, સુશ્રી મનીષાબેન પટેલ તેમજ જિલ્લા વહીવટીતંત્રના વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહેનાર છે.

મળતી વિગતો પ્રમાણે સામેત્રી અને રામનગર ગ્રામ પંચાયતોને ૧૪મા નાણાંપંચ અંતર્ગત છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન રૂ. ૨૨ લાખથી વધુની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે અને વિકાસના કામો પણ આ ગામે હાથ ધરાયે છે.

સાંસદ આદર્શ ગ્રામ અંતર્ગત કોઈ ગ્રાન્ટ સાંસદને આપવામાં આવતી નથી પરંતુ સંકલિત રીતે વિકાસના કામો હાથ ધરવામાં આવે તેમજ જુદા જુદા વિભાગોની ગ્રાન્ટમાંથી તેમને તકનીકી તેમજ નાણાંકીય પૂરક સહયોગ આપવામાં આવે છે.

આ બેઠકને અંતે સાંસદ પરેશ રાવલની સાથે આ અધિકારીઓની ટીમ જાખોરા-રાજપુરની મુલાકાત પણ લેનાર છે.

## આજે ગાંધીનગરમાં પંચાયત પરિષદની કારોબારી બેઠક મળશે

ગાંધીનગર, તા. ૯

ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદની આજે કારોબારી સમિતિની બેઠક પંચાયત પરિષદ ખાતે પરિષદના પ્રમુખ રાજેન્દ્ર પારધીની અધ્યક્ષતામાં મળશે. કારોબારી બેઠક પૂર્ણ થયા બાદ તમામ આગેવાનો પંચાયત મંત્રીને મળવા જશે તેમ જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે પંચાયત પરિષદની બેઠકમાં પંચાયત કાઉન્સીલની બેઠક જે છેલ્લા એક દસકાથી મળી નથી તે માટેની માંગ બુલંદ બનાવવામાં આવશે. આ ઉપરાંત પદાધિકારીઓ અને અધિકારીઓ વચ્ચે સુયોગ્ય સંકલન જળવાઈ રહે તે માટે ખાસ સૂચનાઓ જારી કરવાની માંગ ઉપરાંત સ્વભંડોળની જોગવાઈઓને આડકતરી નિયંત્રિત કરવાના વલણનો આ બેઠકમાં વિરોધ કરી અને પ્રસ્તાવ પસાર કરી સરકારને તેની જાણ કરવામાં આવશે. સરકારી કાર્યક્રમોમાં પંચાયતના પદાધિકારીઓને યોગ્ય સ્થાન અને સન્માનભેર સ્થાન આપવા ઉપરાંત પંચાયતોના પદાધિકારીઓના પગાર ભથ્થામાં ડીઝલ-પેટ્રોલના ભાવમાં થયેલા અસહ્ય ભાવ-વધારા પછી પણ કોઈ વિચારણા કરવામાં નહિ આવી હોવાથી તે મુદ્દે રજુઆતો કરવામાં આવનાર છે.

# આવાસ નિર્માણ માટે સરકારે ૪૭૦ કરોડ ફાળવ્યા છે : નિતીન પટેલ

### સે-૨૯ ખાતે વંદે માતરમ પાર્કમાં બી-કક્ષાના ૨૮૦ મકાનોનુ લોકાર્પણ : ચ-કક્ષાના ૨૮૦ સહીત હજુ ૧૨૩૨ નવા મકાનો બનશે : આવાસોની જાળવણી સ્વચ્છતા અને હરિયાળી નિખારવા માટે રહીશો જાગૃત બને : નાયબ મુખ્યમંત્રી

ગાંધીનગર તા ૯

સરકારે આવાસોના નિર્માણ માટે રૂ ૪૭૦ કરોડ ફાળવ્યા છે. અત્યાર સુધી સરકારી કોલોનીના ૨૬ નવા ટાવરોનુ નિર્માણ કરી દેવાયુ છે. સે-૨૯ માં બી કક્ષાના નવા આવાસો વંદે માતરમ પાર્કનુ લોકાર્પણ કરતા નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલે જણાંવ્યુ હતુ કે આ આવાસોની જાળવણી કરવાની ફરજ અહીં રહેતા કર્મચારીઓની છે. સ્વચ્છતા તેમજ હરિયાળી જાળવવા માટે પણ તેમણે રહીશોને અનુરોધ કર્યો હતો. હજુ પણ શહેરમાં ચ કક્ષાના નવા ૨૮૦ મકાનો બનશે જયારે ૩૯૨ મકાનોનુ કામ પ્રગતિ હેઠળ છે. જયારે ૫૬૦ આવાસોનુ કામ ટુંકમાં શરૂ કરાશે. જયારે નવા ૨૮૦ મકાનોનુ કામ પણ મંજુર કરવામાં આવ્યુ છે. આગામી દિવસોમાં ૧૨૩૨ મકાનો શહેરમાં નવા બનશે.

છેલ્લા ત્રણ વર્ષથી સરકારે કર્મચારીઓના આવાસો બનાવવાનુ કામ ઉપાડયુ છે. સરકારે રૂ ૪૭૦ કરોડ આવાસોના નિર્માણ માટે ફાળવ્યા છે. ગાંધીનગરમાં જમીન મોંઘી થતા મકાન માટે મોટો ખર્ચ કરવો પડે છે. જયારે શહેરમાં દાયકાઓ જુના સરકારી આવાસો બદલવાની અનિવાર્યતા ઉભી થઈ છે. જે અન્વયે સે-૭ માં અગાઉ શ્યામજી કૃષ્ણ વર્મા પાર્કનુ ઉદઘાટન કરવામાં આવ્યુ હતુ. જયારે સી કક્ષાના ૩૩૬ મકાનો બાંધવામાં આવ્યા છે. જેમાં હાલ કર્મચારીઓ વસવાટ પણ કરી રહયા છે. જયારે અન્ય ૫૬ મકાનો બાંધવાનુ કામ પણ ચાલી રહયુ છે. આ ઉપરાંત સે-૨૯ માં ૪૪૮ મકાનો પૈકી ૨૮૦ મકાનોનુ કામ પુર્ણ થઈ જતા આજે કર્મચારીઓને મકાનોની ફાળવણી પણ કરી દેવામાં આવી છે. જયારે બાકી રહેતા ૧૬૮ મકોનોનુ કામ બે મહીનામાં પુર્ણ થઈ જશે. સે-૩૦ માં પણ ૩૩૬ મકોનો બાંધવાનુ કામ પ્રગતિ હેઠળ છે. વર્ષ ૨૦૧૭-૧૮ માં બી અને સી કક્ષાના કુલ ૫૬૦ મકાનો બાંધવા માટે ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી છે. જયારે હજુ ચ કક્ષાના ૨૮૦ નવા મકાનો બાંધવા માટે પણ પ્રક્રીયા હાથ ધરવામાં આવી હોવાનુ પણ નાયબ મુખ્યમંત્રીએ જણાંવ્યુ હતુ. શહેરમાં જુના સરકારી આવાસોનો નિકાલ કરી ૨૬ નવા ટાવર બનાવાયા છે.જયારે અન્ય ૧૪ ટાવરનુ કામ શરૂ થશે. તેમણે મકાનોની ફાળવણી કરતા




કર્મચારીઓના પરિવારજનોને જણાંવ્યુ હતુ કે સરકારે કરોડો રૂપિયાનો ખર્ચ કરી આ મકાનો ફાળવ્યા છે. જયારે આ આવાસોને નુકશાન ન થાય તેમજ સ્વચ્છતા જાળવવાની સાથે હરિયાળીનો પણ પુરતો ખ્યાલ રાખવા તેમણે રહીશોને અપીલ કરી હતી. વંદે માતરમ પાર્કમાં પુરતા હવા ઉજાસ સહીત રહીશોને પાર્કીંગ , બગીચાની વ્યવસ્થા મળી રહે તે મુજબનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત બાળકો માટે રમતગમતના સાધનો અને વડીલો માટે બેઠક વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે. આવસોના સંકુલમાં આંતરિક માર્ગો કોમન પ્લોટ,પાણીનો બોર, રેઈન વોટર હાર્વેસ્ટીંગ સિસ્ટમ ફાયર ફાઈટીંગ સિસ્ટમ, ભુકંપ પ્રતિરોધક, આર સી સી ફ્રેમ સ્ટ્રકચરથી બાંધકામ કરવામાં આવ્યુ છે. નાયબ મુખ્યમંત્રીએ આવાસોનુ નિરિક્ષણ કર્યુ હતુ. જયારે કર્મચારીઓને આવાસની ચાવી આપી હતી.

આ પ્રસંગે ગાંધીનગરના મેયર પ્રવિણ પટેલ, ઉત્તારના ધારાસભ્ય ડો સી જે ચાવડા , પુર્વ ધારાસભ્ય અશોક પટેલ સહીતના મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા.માર્ગ મકાન વિભાગન સચિવ શ્રી વસાવા અધિક્ષક ઈજનેર એમ આઈ પટેલ મુખ્ય ઈજનેર કે એમ પટેલ ઉપરાંત પાટગનર યોજના ભવનના અધિકારી ડી આર શાહ, જતીન ઓઝા , કેતન રાવત, એલ કે વાઘેલા સહીત મોટી સંખ્યામાં કર્મચારીઓ પણ હાજર રહયા હતા.

# નવા સેકટરોમાં પાણી ફોર્સથી ન આવતા રહીશોમાં આક્રોશ

### સે-3, ૪ અને ૫ માં પાણીની પોકાર ઉઠી આકરી ગરમીમા પાણીનો ફાર્સ ઘટતા ગૃહીણીઓમાં કકળાટ

ગાંધીનગર તા ૯

શહેરમાં આકરી ગરમીના દિવસોમાં આજે નવા સેકટરોમાં પાણીની પોકર ઉઠા પામી હતી. નવા સેકટરોમાં ફોર્સથી પાણી ન આવતા રહીશોમાં પાણીનો કકળાટ પ્રવર્તયો હતો. સેકટરોમાં બપોર થતા જ રહીશોના મકાનમાં અન્ડગ્રાઉન્ડ પાણીની ટાંકી ખાલી થઈ ગઈ હતી. અલબત્ત સવારે પુરતા ફોર્સથી પાણી ન આવ્યુ હોવાનો આક્રોશ પ્રબળ બન્યો હતો. જો કે પાણીના મામલે કોઈ ફરિયાદ ન હોવાનુ પણ સુત્રોએ જણાવ્યુ છે.

ગાંધીનગર શહેરમાં પાણીના મામલે અનેકવાર સેકટરોમાં ફરિયાદો ઉઠતી રહે છે. શહેરમાં પાણીની જરૂરિયાત સંતોષવા માટે પ્રતિદિન ૫૫ થી ૫૮ એમ એલ ડી પાણી પુરવઠો સપ્લાય કરવામાં આવે છે. જયારે પાણીની પોકાર ડામવા માટે નર્મદા ઉપરાંત બોરનુ પાણી પણ સપ્લાય કરવામાં આવે છે. એક અભ્યાસ મુજબ ગાંધીનગરમાં માથાદીઠ પાણીનો વપરાશ દેશમાં સૌથી વધુ થતો હોવાનુ પણ મનાઈ રહયુ છે. જયારે આગામી દિવસોમાં શેહરમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે પણ આયોજન હાથ ધરવામાં આવ્યુ છે. જો કે મીટર પધ્ધતિથી પાણી સપ્લાય કરવાની યોજના અમલી થતા હજુ સમય લાગે તેમ છે. શહેરી વિસ્તારના ગામોમાં પણ પાણીની વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવામાં આવી રહી છે. ત્યારે શહેરમાં પણ ગરમીના દિવસોમાં પાણીનો વપરાશ વધવાની સાથે સેકટરોમાં પાણીની પોકાર ઉઠવા પામી છે. ત્યારે સેકટરોમાં પાણી ફોર્સથી ન આવતા ગરમીના દિવસોમાં રહીશોમાં રોષ પ્રવર્તયો છે. આજે પણ સે-૩ સી સહીત સે-૩ એ ન્યુ અને સે-૪ અને ૫ માં કેટલાક વિસ્તારોમાં પાણી ફોર્સથી ન આવતા રહીશોએ હાલાકી વેઠવી પડી હતી.

# આવાસ મેળવવા માટે ૧૮૫૦ કર્મચારીઓ પ્રતિક્ષા યાદીમાં

ગાંધીનગર તા ૯

શહેરમાં દાયકાઓ જુના સરકારી આવાસો ખંડેર બનતા સેકટરોમાં રહેણાંકને લાયક મકાનોની સંખ્યા ઓછી છે. સેકટરોમાં સ્થિત મોટાભાગના સરકારી આવાસો રહેણાંકની દ્રષ્ટીએ ભયજનક હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ હજુ પણ સેકટરોમાં ભયજનક આવસો તબક્કાવાર તોડી નાંખવામાં સર્વે હાથ ધરવામાં આવે છે. સેકટરોમાં સ્થિત મકાનોને મજબુતીકરણ હેઠળ આવરી લેવા માટે પણ કામ હાથ ધરાયુ છે. ત્યારે મોટાભાગના મકાનો જોખમી હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે.આવા સંજોગોમાં મકાનો માટે કર્મચારીઓની પ્રતિક્ષા યાદી પણ તંત્રના ચોપડે મોટી થતી જાય છે. નવા મકાનોની ફાળવણીના અંતે જ કક્ષાના આવાસો માટે જ હજુ પ્રતિક્ષા યાદીમાં ૮૬૦ નો સમાવેશ છે. જયારે અન્ય કેટેગરીના આવાસો માટે પણ મકાન માટે કર્મચારીઓનો આંકડો મોટો છે. તંત્રના ચોપડે મકાનની ફાળવણી માટે કુલ ૧૮૬૦ની પ્રતિક્ષા યાદી છે. ત્યારે નવા મકાનો તબક્કાવાર બંધાય ત્યારબાદ મકાનોની ફાળવણી શક્ય બને તેમ છે. જો કે કેટલાક મકાનો મજબુતીકરણ હેઠળ હોવાના લીધે પણ મકાનો ફાળવવાની પ્રક્રીયા વધુ કપરી બની હોવાનુ ધ્યાને આવ્યુ છે. આવા સંજોગોમાં નવા મકાનો તૈયાર થયા બાદ જ પ્રતિક્ષા યાદી ટુંકી થાય તેમ મનાઈ રહયુ છે.

## પાર્કિંગનું નવુ સરનામુ... સ્માર્ટસિટીના ધજાગરા...



# બિટકોઈન કેસમાં સંડોવાયેલા તમામની ધરપકડ કરી લેવાશે

### સંડોવાયેલા તમામની ધરપકડ કરી લેવાયા બાદ સસ્પેન્ડ કરાશે : પોલીસ અધિક્ષકની અધ્યક્ષતામાં સીટની રચના

અમદાવાદ, તા.૯

રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા વધુ અસરકારક બને તેમજ ગુજરાતની પ્રજાને શાંતિ, સુરક્ષા અને સલામતી આપવા માટે રાજ્ય સરકાર કટીબદ્ધ છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજ્યની સુરક્ષા સંબંધે રાજ્ય પોલીસવડા સહિત ઉચ્ચ અધિકારીઓ સાથે યોજેલી બેઠકમાં ગુનાઓ અટકાવવા અને તેના ઝડપી ઉકેલ માટે સ્પષ્ટ નિદેર્શ આપ્યા હતા. ગુજરાત પોલીસે ટેકનોલોજી અને આધુનિક ઉપકરણોના માધ્યમથી છેલ્લા બે-ત્રણ મહિનામાં રાજ્યમાં બનેલી લુટની મોટી ઘટનાઓ ખુબ જ ઝડપથી અને કુનેહ પૂર્વક ઉકેલી રહી છે. અમરેલી એલસીબી પોલીસ ઈન્સપેક્ટર અને તેના કર્મચારીઓ દ્વારા શૈલેષ ભટ્ટ તથા તેમના ભાગીદારો પાસેથી માર મારીને બળજબરી પૂર્વક ૨૦૦ બીટકોઈન ટ્રાન્સફર કરવા તેમજ સમાધાન કરવા વધુ ૩૨ કરોડની માગણી સંદર્ભે રજુઆત કરતા સીઆઈડી ક્રાઈમે પોતાની કુનેહથી આ ગુનો ગણતરીના દિવસોમાં ઉકેલ્યો છે જે અભિનંદનને પાત્ર છે તેમ રાજ્ય ગૃહ મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું. આ કેસમાં સંકડાયેલ અમરેલી એલસીબી પોલીસ ઈન્સપેક્ટર પટેલ તેમજ ૯ પોલીસ કર્મચારીઓની ધરપકડ કરીને તેઓને સસ્પેન્ડ કરવા સુધીની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ન્યાયિક તપાસ હાથ અને ગુનેગારોને ઝડપી સજા મળે તે હેતુથી આ કેસની તપાસ માટે પોલીસ અધિક્ષકની અધ્યક્ષતામાં એસઆઈટીની રચના કરવામાં આવી છે તેમજ સમગ્ર કેસનું સુપરવિઝન નાયબ પોલીસ મહાનિરીક્ષકને સોપાયું છે તેમ રાજ્ય ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ ઉમેર્યું હતું. મંત્રીએ આ ઘટનાની વધુ વિગતો આપતા કહ્યું

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લા પંચાયત સંકુલમાં તમાકુ વિરોધી ટીમ ત્રાટકી

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર જિલ્લા પંચાયત સંકુલમાં આજે તમાકુ વિરોધી ટીમ ત્રાટકી હતી અને પંચાયતના તમામ કર્મચારીઓને તપાસ્યા હતા. જિલ્લા પંચાયત સંકુલમાં પહેલીવાર ત્રાટકેલી ટીમે કર્મચારીઓના ખાના અને ખિસા પણ ચકાસ્યા હતા. તમાકુ કે તમાકુના સેવનની ચીજો ન મળતાં કર્મચારીઓને ટોપી, કિચેન અને પેન આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

જિલ્લામાં તમાકુ વિરોધી અભિયાન જે ચાલી રહ્યું છે જેમાં આજે પંચાયત સંકુલમાં ટીમ ત્રાટકી હતી. ટીમ દ્વારા ગ્રાઉન્ડ ફલોરથી ત્રીજા માળ સુધી તમામ કર્મચારીઓ અને અધિકારીઓને ચકાસ્યા હતા. તંત્રની ટીમ દ્વારા આજે હાથ ધરાયેલી ઓચીંતી તપાસના પગલે પંચાયતના કર્મચારીઓમાં ગણગણાટ શરુ થયો હતો. કેટલાક આ મુદ્દે ડી.ડી.ઓ.ને રજુઆત કરવાના મૂડમાં હતા પરંતુ ડી.ડી.ઓ. આજે જ હાજર થયા હોવાથી કર્મચારી આગેવાનો પણ મૌન રહ્યા હતા.

# ખેડૂતોનો હોબાળો : જમીન સંપાદન બેઠક મુલત્વી

અમદાવાદ,તા. ૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સરકારના મહત્વાકાંક્ષી અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટની કામગીરી શરૂ થઈ ગઈ છે પરંતુ લાગે છે કે, બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે મોદી સરકારને કપરા ચઢાણ ચઢવા પડશે. પ્રોજેકટની કામગીરી વેગ પકડે તે પહેલાં જ તેના આડેના અંતરાયો અને વિવાદો શરૂ થઈ ગયા છે. આજે વડોદરા ખાતે ગાંધીનગર ગૃહમાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ અંતર્ગત કપાત જતી જમીનના ખેડૂતો-જમીન માલિકો અને જમીન સંપાદન કરનાર એજન્સી વચ્ચે એક ખાસ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. પરંતુ ખેડૂતોની જાણ બહાર આ બેઠક બારોબાર રાખી દેવાઈ હોવાની ચોંકાવનારી વાત સામે આવતાં બેઠકમાં હાજર ખેડૂતોએ જોરદાર આક્ષેપો અને ઉગ્ર સ્વર સાથે જોરદાર હોબાળો મચાવી મૂકયો હતો. ખેડૂતોના હોબાળા અને હંગામા વચ્ચે રાખવામાં આવી હોવાના આક્ષેપ સાથે ખૂડતોએ ભારે હોબાળો મચાવી

● અનુસંધાન પાન-૭ પર

હવે, શહેરની મધ્યમાં...
The Flavours of Gujarati Traditional Snacks, Sweets & Street Food at
bansari TRADITIONAL
ભાતીગળ ભોજનનો આસ્વાદ
(A.C Restaurant)
MANAGED BY RUDRAKSH EVENT MANAGEMENT
Bansari Traditional
101, First Floor, Haveli Arcade, Near Hotel Fortune inn Haveli, Sector-11, Gandhinagar-382010. M. : 8871887150, M. : 8160053460

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com